R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2023. Licensed to post without pre-payment Licence No. PMG/NG/062/2021-2023 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૪૨ ● તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ● અંક નં. ૪૮

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : અશોક કાલરીયા

સહતંત્રી : અરવિંદ આર. પટેલ ● કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી ● સંપાદક : જગદીશ આચાર્ય

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ ₹ ૩૦/- છે. માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ઉપરાંત રાજ્યની કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટઓફિસમાં (સર્વિસ ચાર્જ સાથે) તથા જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ લવાજમ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબસાઈટ : www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

વેબસાઈટ : www.gujaratinformation.net ઉપરથી ગુજરાત રોજગાર સમાચારનો અંક નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાશે.

## સુરત મહાનગરપાલિકા

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિવિધ ઠરાવોથી રાજયની મહાનગરપાલિકાના વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સહજ,સુલભ અને આરોગ્ય માળખું સુદ્રઢ બને તે હેતુસર ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ અંતર્ગત શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે સુરત મહાનગરપાલિકામાં ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) નામનું અલગ માળખું ઉભું કરી નીચે જણાવ્યા મુજબની નિયમીત જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ગુજરાત સરકાર ધ્વારા ૧૦૦ % ગ્રાંટ આધારિત ફાળવવામાં આવેલી છે.

(નોંધ :ઉકત જગ્યા પર નિમણુંક પામેલ ઉમેદવારને સુરત મહાનગરપાલિકાનાં કર્મચારી ગણવામાં આવશે નહી)

ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) ખાતે નીચે દર્શાવેલ કેડરોની હાલમાં ખાલી તથા ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી ઉભી થનાર જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે પસંદગી / પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર ફકત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. સંબંધિત જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકથી તા.૧૩/૦૧/૨૦૨૧ રાત્રીના ૨૩:૩૦ કલાક દરમ્યાન સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ **https://www.suratmunicipal.gov.in** પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતા પહેલા નીચે જણાવેલ ભરતીને લગતી માહિતી અને સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું રહેશે.

| ક્રમ | (કોડ નં.) જગ્યાનું નામ | કુલ જગ્યા | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | સા.શૈ.પ.વ. | | બિન અનામત | | આ.ન.વ. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ |
| ૧ | ફીમેલ હેલ્થ વર્કર (ફકત સ્ત્રીઓ માટે) | ૪૮૭ | ૩૪ | – | ૭૨ | – | ૧૩૧ | – | ૨૦૨ | – | ૪૮ | – |
| ૨ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | ૪૮૭ | ૧૧ | ૨૩ | ૨૪ | ૪૮ | ૪૩ | ૮૮ | ૬૭ | ૧૩૫ | ૧૬ | ૩૨ |
| ૩ | ફીમેલ હેલ્થ સુપરવાઈઝર (ફકત સ્ત્રીઓ માટે) | ૮૧ | ૫ | – | ૧૨ | – | ૨૧ | – | ૩૫ | – | ૮ | – |
| ૪ | મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર | ૮૧ | ૧ | ૪ | ૪ | ૮ | ૭ | ૧૪ | ૧૧ | ૨૪ | ૨ | ૬ |

● સામાન્ય સુચનાઓ :

૧ ઉપરોકત જગ્યાઓ સરકારશ્રીની ગ્રાન્ટ મળે ત્યાં સુધી તદ્દન હંગામી ધોરણે ઉભી કરવામાં આવેલ છે. સરકારશ્રીની ગ્રાંટ / પ્રોજેકટ બંધ થયેથી સદર મહેકમ ઉપર નિમાયેલા ઉમેદવારોને છૂટા કરવાના રહેશે તે શરતે નિમવામાં આવશે. જે અંગે ઉમેદવાર ભવિષ્યમાં કાયમી કરવા અથવા અન્ય લાભો મેળવવાને હક્કદાર રહેશે નહી. તથા નિમણૂંક પામનાર ઉમેદવારને સુરત મહાનગરપાલિકાનાં કર્મચારી ગણવામાં આવશે નહી.

૨ ઉપરોકત કેડરો માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે. જેના દ્વારા જે તે જગ્યાની બેઝીક લાયકાત અને/અથવા અનુભવ ધ્યાને લઈ રીટર્ન ટેસ્ટ/ પ્રેકટીકલ ટેસ્ટ/ મૌખિક ઈન્ટરવ્યુ લેવા અંગેના માપદંડ નકકી કરાશે અને તે અંગેની જાણ માન્ય થયેલ અરજીના ઉમેદવારોને વેબસાઈટ ઉપર કોલલેટર પ્રસિધ્ધ કર્યેથી જણાવવામાં આવશે અથવા તેઓએ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર મેસેજ દ્વારા જાણ કરવામાં આવશે.

૩ આપેલ જાહેરખબર કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત)આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૪ ઉપરોકત જગ્યાઓ માટેના ઉમેદવારોએ નિયત કરવામાં આવે તે પરીક્ષા માટે જે જગ્યા સૂચવવામાં આવે તે જગ્યાએ સ્વખર્ચે પહોંચવાનું રહેશે. જે અંગે ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) દ્વારા કોઈ પણ પ્રકારનું ભથ્થું ચુકવવામાં આવશે નહી.

૫ આ જાહેરાત માટે જરૂર પડયેથી ડોકયુમેન્ટ વેરિફીકેશન માટેની તારીખ તથા જરૂરી સુચનાઓ જે તે સમયે વર્તમાનપત્રો અથવા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે તથા મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ ઉપર મેસેજ દ્વારા જાણ કરવામાં આવશે. જેથી ઓનલાઈન અરજી કરતાં સમયે મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ ભરતીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ જાળવી રાખવું ઉમેદવારના હિતમાં રહેશે. ઈ–મેઈલ કે ફોન નંબર બદલવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) જવાબદાર રહેશે નહી. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઈ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in જોતા રહેવા વિનંતિ છે.

૬ અરજી કરનાર ઉમેદવારે તેઓની નિમણુંક થયેથી ૧(એક) વર્ષમાં વર્ગ–૨ નાં કર્મચારીએ "CCC+" અને વર્ગ–૩ નાં કર્મચારીએ "CCC" ની પરીક્ષા ગુજરાત સરકારશ્રીના વિવિધ ઠરાવો દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવેલ સંસ્થા મારફત પાસ કરવાની રહેશે. જેઓએ અગાઉથી આ પરીક્ષા પાસ કરી હોય તો તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

૭ અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક નબળા વર્ગની અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાત રાજયના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત ગણાશે.

૮ અનામત કેટેગરીના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમની પસંદગી માટેના ધોરણો બિનઅનામત કેટેગરીના જ લાગુ પડશે.

૯ જાહેરાતમાં દર્શાવેલ જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે ૩૩% અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાય બાકી રહેતી જગ્યાઓ ફકત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી. આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી મેરીટના ધોરણે કરવામાં આવશે. દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે, પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા મહિલા તેમજ પુરૂષ ઉમેદવારોથી મેરીટના ધોરણે ભરવામાં આવશે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા સંબંધિત કેટેગરી (બિનઅનામત નભદભચબૃ, અ.જા. [S.C], અ.જ.જા. [S.T], સા.શૈ.પ.વ. [S.E.B.C], આ.ન.વ. [E.W.S]) ના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

૧૦ ઉમેદવારે ઓનલાઈન અરજી કરતાં સમયે જણાવેલ ડોકયુમેન્ટ, જયારે પ્રેકટીકલ / લેખિત પરીક્ષા લેવામાં આવે ત્યારબાદ ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) દ્વારા માંગણી કર્યેથી ઉમેદવારે જે ડોકયુમેન્ટના આધારે વિગત ભરેલ હોય તે તમામ ડોકયુમેન્ટ વેરીફિકેશન સમયે ઓરીજીનલ તથા તેની એક પ્રમાણિત નકલ તથા નીચે જણાવેલ પુરાવાઓ રજુ કરવાના રહેશે તેમજ વેરીફીકેશન સમયે રજુ કરેલ પુરાવાઓમાં તેમજ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોમાં વિસંગતતા જણાયેથી ઉમેદવારનું પસંદગી / પ્રતિક્ષાયાદીમાંથી નામ રદ કરવાની ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત)ને સત્તા રહેશે.

(૧) ઉમરના પુરાવા માટે જન્મનો દાખલો, શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અપાયેલ પ્રમાણપત્ર. (કોઈ પણ એક)

(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર, ડીગ્રી સર્ટીફીકેટ, એટેમ્પ સર્ટીફીકેટ, રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ

(૩) અનામત જાતિના ઉમેદવારે અરજી સાથે ઉમેદવારની જાતિ અંગેનું(અ.જા., અ.જ.જા., સા.શૈ.પ.વ, શા.ખો.ખા. તથા આ.ન.વ.) અંગેનું ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૪) ઉમેદવાર સા.શૈ.પછાત વર્ગના હોય તો ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું તા.૧–૪–૧૬ ના રોજ કે ત્યારપછી મેળવેલ હોય તેવું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) આર્થિક નબળા વર્ગ (આ.ન.વ.) ના ઉમેદવાર હોય તો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબથી નિયત થયેલ Annexure-KH (Eligibillity Certificate For Economically Weaker Sections) અંગ્રેજી નમૂનામાં અથવા પરિશિષ્ટ–ગ (આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર) ગુજરાતી નમૂનામાં રજુ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારોની અરજી સામાન્ય ઉમેદવાર તરીકે ગણાશે અને જો તેવા ઉમેદવાર સામાન્ય ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહી હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

(૬) ઉમેદવાર ૪૦ ટકા કે તેથી વધુ શારીરીક ખોડખાંપણ ધરાવતા હોવાનું સિવિલ સર્જનશ્રીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. તો જ તેવા ઉમેદવારને વિકલાંગ ઉમેદવાર(પી.એચ) તરીકે અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

➔

(૭) જાહેરાતમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત/ડીગ્રીના સમય દરમ્યાન થી અથવા તો ત્યારબાદનો જ અનુભવ માન્ય ગણવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઈપણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) તથા બજાવેલ ફરજોનો પ્રકાર / મેળવેલ અનુભવની વિગતો સહીત માન્ય સંસ્થાનું ઈન્વર્ડ / આઉટવર્ડ નંબર તથા તારીખ સાથેનું જ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. માત્ર ઓફર લેટર કે એપોઈન્ટમેન્ટ લેટર અનુભવના પુરાવા તરીકે અમાન્ય ગણાશે પરંતુ જો તેની સાથે વખતોવખત સંસ્થા દ્વારા અપાયેલ ઈજાફા કે પ્રમોશનના હુકમ, પગાર સંબંધિત પુરાવા કે અન્ય આધારભૂત ગણી શકાય તેવા પુરાવા રજૂ કર્યેથી તેની પૂરતી ચકાસણી કર્યા બાદ યોગ્ય જણાયેથી આવો અનુભવ માન્ય ગણવામાં આવશે.

(૮) જો ઉમેદવાર ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત)નો કર્મચારી હોય અને નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી જે કોઈ પરીક્ષા પાસ કરી હોય તો તે પરવાનગી હુકમની નકલ.

(૯) ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત)ના ફિકસ પગારનાં / હંગામી કર્મચારીઓએપણ ઓનલાઈન અરજી કરવાની રહેશે અને અરજી કર્યા બાદ ઉમેદવારી અરજીની હાર્ડકોપી, લાયકાતના પ્રમાણપત્રો તેમજ છેવટની પગારસ્લીપની નકલ સાથે પોતાના વિભાગ/ખાતા/ ઝોનના સક્ષમ અધિકારીની મંજુરી મેળવી થ્રુ પ્રોપર ચેનલ, તેઓના ખાતા મારફત સંપુર્ણ ચકાસણી કર્યા બાદ મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગને અરજી કરવાની આખરી તારીખ પછીના સાત દિવસ સુધીમાં ઓફીસ સમય દરમ્યાન (રજાના દિવસો સિવાય) મોકલી આપવાની રહેશે.

(૧૦) EPIC કાર્ડ, પાન કાર્ડ તથા આધારકાર્ડની નકલ .

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક– સશ૫/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ થી બિન ઉન્નતવર્ગના (Non Creamy Layer) પ્રમાણપત્રની અવધિ (Validity) આવુ પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ નાણાંકીય વર્ષ સુધીમાં માન્ય ગણાશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ સરખા ક્રમાંક ના તા.૧૨/૦૬/૨૦૨૦ ના ઠરાવથી કોવિડ–૧૯ ની પરિસ્થિતિ ધ્યાને લઈ સદર પ્રમાણપત્રની અવધિમાં વધારો કરવામાં આવેલ હોય, તા.૦૧/૦૪/૨૦૧૬ પહેલાની ઈસ્યુ તારીખ ધરાવતા નોનક્રિમીલેયર સર્ટીફીકેટ આ જાહેરાતના હેતુ માટે માન્ય ગણાશે નહી. આવા પ્રમાણપત્રની માન્યતા/સ્વીકૃતિ તથા સમયગાળાનાં અર્થઘટન બાબતે સરકારશ્રીનાં ઠરાવ/પરિપત્રોની જોગવાઈઓ આખરી ગણાશે. ઉમેદવારે આવા (Non Creamy Layer) પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે ફરજીયાત પણે દર્શાવવાના રહેશે. આવું નોનક્રિમીલેયર સર્ટીફીકેટ અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં સક્ષમ સત્તાધિકારી દ્વારા ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. અરજી કરવાની છેલ્લી તારીખ બાદ ઈસ્યુ થયેલ નોનક્રિમીલેયર સર્ટીફીકેટ આ જાહેરાત માટે માન્ય ગણાશે નહી.

ઉમેદવાર આર્થિક નબળા વર્ગ (આ.ન.વ.) ના હોય તો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબથી નિયત થયેલ Annexure-KH (Eligibillity Certificate For Economically Weaker Section (૯ અંગ્રેજી નમૂનામાં અથવા પરિશિષ્ટ–ગ (આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર) ગુજરાતી નમૂનામાં તા.૧૪/૦૧/૨૦૧૯ થી અરજી કરવાની છેલ્લી તારીખ સુધી મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. આવું સર્ટીફીકેટ અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં સક્ષમ સત્તાધિકારી દ્વારા ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. અરજી કરવાની છેલ્લી તારીખ બાદ ઈસ્યુ થયેલ સર્ટીફીકેટ માન્ય ગણાશે નહી.

જે કેડરમાં રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ફરજીયાત હોય ત્યાં રજુ કરવાનું રહેશે.

સરકારી, અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ સંબંધિત સંસ્થાના સક્ષમ અધિકારી / સત્તા દ્વારા આપવામાં આવેલ ન વાંધા પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે તેમજ જો આવા ઉમેદવારો ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત)ની નોકરીમાં નિમણૂંક પામે તો પ્રવર્તમાન નોકરીદાતા સંસ્થા ખાતેથી રીલીવીંગ ઓર્ડર કે તે સબબનું પ્રમાણપત્ર ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) ખાતેની ફરજ ઉપર હાજર થતા સમયે રજુ કરવાનું રહેશે.

ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત)માં ફિકસ પગારના / હંગામી ધોરણે ફરજ બજાવતા કર્મચારીઓ જો આ જગ્યા માટે ઉમેદવારી નોંધાવે અને પસંદગી પામે તો તેઓની સદંતર નવી નિમણુંક ગણાશે.

માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

મહિલા ઉમેદવાર જો અરજી કરતા સમયે પરણિત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે. મહિલા ઉમેદવાર પરણિત હોય પરંતુ મેરેજ સર્ટીફીકેટ / ગવર્મેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરણિત મહિલા ઉમેદવારે પિતાના નામ સાથેની અરજી કરવાની રહેશે. મહિલા ઉમેદવારને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાને પાત્ર રહેશે.

ઉમેદવારે ઓનલાઈન અરજીમાં કોઈપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણૂંક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણૂંક થયેલ હશે તો કોઈપણ તબક્કે નિમણૂંક રદ્દ કરવામાં આવશે.

કોઈપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી/ અરજીઓ રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત)ની રહેશે.

ઉંમર, લાયકાત અને અનુભવ ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

પસંદગીની પ્રક્રિયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત)ની સ્ટાફ સિલેકશન કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સક્ષમ સત્તા ઠરાવે તે શરતોને આધિન રહેશે.

સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેકશન કમિટિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

સદર ખાલી પડેલ કે ખાલી પડનાર કે ઉપસ્થિત થનાર જગ્યાઓની ભરતી પ્રક્રિયા જે તે સમયના રોસ્ટર નિયમને આધીન કરવામાં આવશે.

જાહેરખબરમાં દર્શાવેલ ખાલી જગ્યાની સામે આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઈ તમામ ઉમેદવારોને આગળની ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના ધોરણે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રક્રિયા / લેખિત પરીક્ષા / પર્સનલ ઈન્ટરવ્યુ માટે વિચારણામાં લેવા તે અંગે સ્ટાફ સિલેકશન કમિટિ / મા. મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે.

| શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ પગારધોરણની વિગત | | |
|---|---|---|
| જાહેરાત ક્રમાંક | | વિગત |
| ૧ | જગ્યાનું નામ | ફીમેલ હેલ્થ વર્કર (ફકત સ્ત્રીઓ માટે) |
| | જગ્યાની સંખ્યા | કુલ–૪૮૭ ( બિન અનામત–૨૦૨, આ.ન.વ.–૪૮, સા.શૈ.પ.વ.–૧૩૧, અનુ.જનજાતિ–૭૨, અનુ. જાતિ–૩૪) |
| | લાયકાત | ૧.ધોરણ–૧૦ પાસ |
| | | ૨. સરકાર માન્ય સંસ્થામાંથી ફીમેલ હેલ્થ વર્કર બેઝીક ટ્રેનીંગ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. અથવા<br>ઈન્ડીયન નર્સિંગ કાઉન્સીલ માન્ય સંસ્થામાંથી એ.એન.એમ.(બઈદઈીઈ) અને ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલુ હોવું જોઈએ. |
| | પગાર ધોરણ | હાલ ફીકસ વેતન રૂ.૧૯૯૫૦/– પાંચ વર્ષ સુધી ત્યારબાદ કામગીરી મૂલ્યાંકનને ધ્યાને લઈ, લેવલ–૨ પે મેટ્રીકસ રૂ. ૧૯૯૦૦–૬૩૨૦૦ ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| | વયમર્યાદા | ૩૫ વર્ષ |
| ૨ | જગ્યાનું નામ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર |
| | જગ્યાની સંખ્યા | કુલ–૪૮૭ (બિન અનામત–૨૦૨ પૈકી મહિલા અનામત ૬૭, આ.ન.વ.–૪૮ પૈકી મહિલા અનામત ૧૬, સા.શૈ.પ.વ.–૧૩૧ પૈકી મહિલા અનામત–૪૩, અનુ.જનજાતિ–૭૨ પૈકી મહિલા અનામત–૨૪, અનુ. જાતિ–૩૪ પૈકી મહિલા અનામત–૧૧) |
| | લાયકાત | ૧. ધોરણ–૧૦ પાસ<br>૨. સરકાર માન્ય સંસ્થામાંથી ૧ વર્ષનો મલ્ટી પરપઝ હેલ્થ વર્કર કોર્ષ અથવા સેનેટરી ઈન્સ્પેકટરનો ડીપ્લોમાં કોર્ષ કરેલ હોવો જોઈએ. |
| | પગાર ધોરણ | હાલ ફીકસ વેતન રૂ. ૧૯૯૫૦/– પાંચ વર્ષ સુધી ત્યારબાદ કામગીરી મૂલ્યાંકનને ધ્યાને લઈ, લેવલ–૨ પે મેટ્રીકસ રૂ. ૧૯૯૦૦–૬૩૨૦૦ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| | વયમર્યાદા | ૩૫ વર્ષ |
| ૩ | જગ્યાનું નામ | ફીમેલ હેલ્થ સુપરવાઈઝર (ફકત સ્ત્રીઓ માટે) |
| | જગ્યાની સંખ્યા | કુલ–૮૧(બિન અનામત–૩૫, આ.ન.વ.–૦૮, સા.શૈ.પ.વ.–૨૧, અનુ. જનજાતિ–૧૨, અનુ. જાતિ–૦૫) |
| | લાયકાત | ૧.ધોરણ–૧૦ પાસ ૨. સરકાર માન્ય સંસ્થામાંથી ફીમેલ હેલ્થ વર્કર બેઝીક ટ્રેનીંગ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. અથવા ઈન્ડીયન નર્સિંગ કાઉન્સીલ માન્ય સંસ્થામાંથી એ.એન.એમ.(A.N.M.) અને ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલુ હોવું જોઈએ. ૩.ફીમેલ હેલ્થ વર્કર તરીકેની કામગીરીનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. |
| | પગાર ધોરણ | હાલ ફીકસ વેતન રૂ. ૩૧૩૪૦/– પાંચ વર્ષ સુધી ત્યારબાદ કામગીરી મૂલ્યાંકનને ધ્યાને લઈ, લેવલ–૪ પે મેટ્રીકસ રૂ. ૨૫૫૦૦–૮૧૧૦૦ ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| | વયમર્યાદા | ૩૫ વર્ષ |
| ૪ | જગ્યાનું નામ | મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર |
| | જગ્યાની સંખ્યા | કુલ–૮૧(બિન અનામત–૩૫ પૈકી મહિલા અનામત–૧૧, આ.ન.વ.–૦૮ પૈકી મહિલા અનામત–૨, સા.શૈ.પ.વ.–૨૧ પૈકી મહિલા અનામત–૭, અનુ.જન જાતિ–૧૨ પૈકી મહિલા અનામત–૪, અનુ. જાતિ–૦૫ પૈકી મહિલા અનામત–૧) |
| | લાયકાત | ૧.ધોરણ–૧૦ પાસ ૨.સરકાર માન્ય સંસ્થામાંથી ૧ વર્ષનો મલ્ટી પરપઝ હેલ્થ વર્કર કોર્ષ અથવા સેનેટરી ઈન્સ્પેકટરનો ડીપ્લોમાં કોર્ષ કરેલ હોવો જોઈએ. ૩.મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તરીકેની કામગીરીનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. |
| | પગાર ધોરણ | હાલ ફીકસ વેતન રૂ. ૩૧૩૪૦/– પાંચ વર્ષ સુધી ત્યારબાદ કામગીરી મૂલ્યાંકનને ધ્યાને લઈ, લેવલ–૪ પે મેટ્રીકસ રૂ. ૨૫૫૦૦–૮૧૧૦૦ ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| | વયમર્યાદા | ૩૫ વર્ષ |

–:: વયમર્યાદા

ઉપલી વયમર્યાદા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે. આ જાહેરાતમાં જે કેટેગરીના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કેટેગરીના મૂળ ગુજરાતનાં હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| (૧) | સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| (૨) | અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| (૩) | અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| (૪) | સામાન્ય વર્ગનાં વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| (૫) | સામાન્ય વર્ગનાં વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| (૬) | અનામત વર્ગનાં વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| (૭) | અનામત વર્ગનાં વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |

(૧) સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારોને ૦૫ વર્ષ (૨) અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને ૦૫ વર્ષ (૩) અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૪) સામાન્ય વર્ગનાં વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૦૫ વર્ષ (૫) સામાન્ય વર્ગનાં વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૬) અનામત વર્ગનાં વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષ (૭) અનામત વર્ગનાં વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષ નોંધ :– તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં. અનામત કેટેગરીના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી કરશે,પરંતુ તેમને પસંદગી માટેના નિયમો / ધોરણો બિનઅનામત કેટેગરીના જ લાગુ પડશે.

ભરતી સંબંધિત વધુ માહિતી માટે વેબસાઈટ **https://www.suratmunicipal.gov.in** જોવી.

# બ્રિટિશ કાળમાં ઇન્ડિયન સિવિલ સર્વિસમાં જોડાનાર સૌપ્રથમ ભારતીય કોણ હતાં?

1. **"અલવિ" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) અટપટી (૨) ધીરજ (૩) વીરતા (૪) નિર્મળતા

2. **"કૌતુકપ્રિય" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) ઉદાસીન (૨) કાયમી (૩) અપ્રસ્તુત (૪) સુહૃદયી

3. **"જયંતી" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) સંવત્સરી (૨) નવરોઝ (૩) બેસતું વર્ષ (૪) સ્મૃતિદિન

4. **"કૃષ્ણપક્ષ" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) અજવાળું (૨) શુક્લપક્ષ (૩) પખવાડિયું (૪) મહિનો

5. **"સકર્મક" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) દ્વિકર્મક (૨) પરકર્મક (૩) અકર્મક (૪) કર્મક

6. **"ભૂચર" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) નાદાન (૨) ખેચર (૩) ગાફેલ (૪) વિરોધી

7. **"લાઘવ" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) યશ (૨) આકર્ષણ (૩) મુફલિસ (૪) ગૌરવ

8. **"ખોડો કાઢવો" રૂઢિપ્રયોગનો અર્થ આપો.**
(૧) જડમૂળથી દૂર કરવું (૨) દરમાંથી ઉંદર કાઢવો
(૩) આંગણમાં નીંદણ દૂર કરવું (૪) અંધકાર દૂર કરવો

9. **"કૂવો હવાડો કરવો" એટલે શું?**
(૧) આપઘાત કરવો
(૨) કૂવામાંથી ખેતરના હવાડા સુધી પાણી લાવવું
(૩) કુવો અને હવાડો જોડે બનાવવો
(૪) કુવામાં જ હવાડો બનાવવો

10. **"નખ ખૂંપવો" એટલે શું?**
(૧) દુશ્મનની ગરદનમાં નખ ખૂંપાવી દેવા
(૨) આંગળી કરતા નખ વધુ મોટો હોવો
(૩) કાબૂ બેસવો (૪) કોઇને પાયમાલ કરી દેવું

11. **"નાકમાં ઊંટ ચાલવાં" એટલે શું?**
(૧) નાકમાં બહુ મેલ જામવો (૨) ખૂબ ઊંચા હોવું
(૩) ખૂબ ગર્વ હોવો
(૪) ઊંટના પેટ સુધીની જ ઊંચાઈ હોવી

12. **નીચે પૈકીનો ક્યા વિકલ્પમાં "પાઘડી ફેરવવી" રૂઢિપ્રયોગનો અર્થ સરે છે?**
(૧) બોલેલું ફેરવવું (૨) બીજા વ્યક્તિની પાઘડી પહેરવી
(૩) એક ઘરેથી બીજા ઘરે રહેવા જવું
(૪) હુંડી વટાવી આપવી

13. **વૃક્ષની ...... કહેવાય અને તારાનું ....... કહેવાય. - યોગ્ય સમૂહવાચક વિકલ્પ પસંદ કરો.**
(૧) ઘટા, ટોળું (૨) ઘટા, ઝૂમખું
(૩) હાર, ખંડ (૪) હાર, મંડળ

14. **હરણનું ...... કહેવાય અને હાથીનું....... કહેવાય. - યોગ્ય સમૂહવાચક વિકલ્પ પસંદ કરો.**
(૧) ઝૂમખું, ટોળું (૨) ઝૂમખું, મંડળ
(૩) ટોળું, જૂથ (૪) પાંજરું, હાથીખાનું

15. **બેડાની .......... કહેવાય અને રૂનું ....... કહેવાય. - યોગ્ય સમૂહવાચક વિકલ્પ પસંદ કરો.**
(૧) ઉતરડ, ગાભલું (૨) હાર, મંડળ
(૩) માળા, જૂથ (૪) થપ્પી, ધણ

16. **નીચેનામાંથી ક્યું એક નિષેધવાક્ય છે?**
(૧) હું એને શીખવું છું. (૨) કેવી ગંદી જગ્યા!
(૩) લખ્યા લેખ મિથ્યા થતા નથી.
(૪) મૂર્ખ જ આવી ભૂલ કરે.

17. **નીચેનામાંથી ક્યું એક વિધિવાક્ય છે?**
(૧) હું રોજ રમવા જાઉં છું. (૨) અરે, કેટલું ખરાબ!
(૩) શી માનવીની લાલસા!
(૪) આ સ્થળ ઓછું રમણીય નથી.

18. **નીચેનામાંથી ક્યો ભાવે પ્રયોગ છે?**
(૧) તમે વસ્તુ આપશો?
(૨) દાદા તારા જોવામાં આવ્યા નહીં
(૩) તારાથી આજે ફરવા જવાશે? (૪) એ શું બોલે?

19. **અનુપમાથી જવાય છે - ભાવે પ્રયોગમાંથી કર્તરિ પ્રયોગમાં રૂપાંતર કરો.**
(૧) અનુપમા જાય છે (૨) અનુપમા ગઈ
(૩) અનુપમા જતી નથી (૪) અનુપમા જશે?

20. **મહારાજ તો ખુશ થઈ ગયા! - આ વાક્યમાં નિપાત જણાવો.**
(૧) થઈ (૨) ગયા (૩) તો (૪) ખુશ

21. **જલીકટ્ટુ તહેવાર ક્યા રાજ્ય સાથે સંબંધિત છે?**
(1) કેરળ (2) તમિલનાડુ (3) ઓડિશા (4) આંધ્ર પ્રદેશ

22. **સુરેન્દ્રનગર જિલ્લામાં યોજાતો તરણેતરનો મેળો ......... ખાતે ભરાય છે?**
(૧) ચામુંડા માતાના મંદિર (૨) ત્રિનેત્રેશ્વર મહાદેવ
(૩) ત્રિમંદિર (૪) રાણકદેવી મંદિર

23. **બૌદ્ધ પુરાતત્વીય સ્થળ દેવની મોરી ..........માં સ્થિત છે.**
(૧) દક્ષિણ ગુજરાત (૨) પશ્ચિમ ગુજરાત
(૩) મધ્ય-દક્ષિણ ગુજરાત (૪) ઉત્તર-પૂર્વ ગુજરાત

24. **નીચે પૈકીની કઇ લિપિ જમણેથી ડાબી બાજુ લખાય છે?**
(૧) દેવનાગરી (૨) ગુજરાતી
(૩) ખરોષ્ઠી (૪) ઉપર પૈકી કોઇ નહીં

25. **ગુજરાતી ભાષાની સૌપ્રથમ પૂર્ણ લંબાઈની ગુજરાતી ફિલ્મ 'નરસિંહ મહેતા'ના નિર્દેશક કોણ હતાં?**
(૧) અરદેશર ઇરાની (૨) નાનુભાઈ વકીલ
(૩) માસ્ટર મનહર (૪) ફારદૂન એ. ઇરાની

26. **પ્રખ્યાત શ્રી વિજય વિઠ્ઠલ મંદિર ક્યાં આવેલું છે?**
(૧) બેલુર (૨) ભદ્રાચલમ્ (૩) હમ્પી (૪) શ્રીરંગમ્

27. **અમરાવતી બૌદ્ધ સ્તુપ ક્યાં આવેલો છે?**
(૧) ઉત્તર પ્રદેશ (૨) હિમાચલ પ્રદેશ
(૩) મહારાષ્ટ્ર (૪) આંધ્ર પ્રદેશ

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

28. **પેરીયાર નેશનલ પાર્ક ક્યાં આવેલો છે?**
(૧) કેરળ (૨) તમિલનાડુ (૩) આંધ્ર પ્રદેશ (૪) કર્ણાટક

29. **સાત્રીય નૃત્ય ક્યા રાજ્ય સાથે સંબંધિત છે?**
(૧) આસામ (૨) અરૂણાચલ પ્રદેશ
(૩) પશ્ચિમ બંગાળ (૪) ઓડિશા

30. **ભારતમાં ઇન્ટરનેશનલ ચેરી બ્લોસમ ફેસ્ટિવલ ક્યાં યોજાય છે?**
(૧) અરૂણાચલ પ્રદેશ (૨) મેઘાલય
(૩) નાગાલેન્ડ (૪) આસામ

31. **મંજૂષા કલા ક્યા રાજ્ય સાથે સંબંધિત છે?**
(૧) બિહાર (૨) ઉત્તર પ્રદેશ
(૩) હરિયાણા (૪) હિમાચલ પ્રદેશ

32. **કલમકારી ચિત્રકલાનો સંબંધ નીચે પૈકીના ક્યા રાજ્ય સાથે છે?**
(૧) કર્ણાટક (૨) આંધ્ર પ્રદેશ (૩) તમિલનાડુ (૪) કેરળ

33. **વારલી પરંપરાગત ચિત્રકલાનો સંબંધ નીચે પૈકીના ક્યા રાજ્ય સાથે છે?**
(૧) ગોવા (૨) મહારાષ્ટ્ર (૩) કર્ણાટક (૪) મધ્ય પ્રદેશ

34. **બ્રિટિશ કાળમાં ઇન્ડિયન સિવિલ સર્વિસમાં જોડાનાર સૌપ્રથમ ભારતીય કોણ હતાં?**
(૧) સત્યેન્દ્રનાથ ટાગોર (૨) સુભાષ ચંદ્ર બોઝ
(૩) સુરેન્દ્રનાથ બેનરજી (૪) દાદાભાઈ નવરોજી

35. **"નવરસ"માં નીચે પૈકીનો ક્યો રસ સમાવિષ્ટ નથી?**
(૧) બિભત્સ (૨) અદ્ભૂત
(૩) રૌદ્ર (૪) લાવણ્ય

36. **પ્રાચીન ભારતના ગુપ્ત કાળમાં "વિષ્ટિ" શબ્દનો અર્થ શો થતો હતો?**
(૧) સોનાના નિભાવ માટે જનતા પરનો કર
(૨) એક પ્રકારનું જમીનનું દાન
(૩) બળજબરીથી કરાવાતી મજૂરી
(૪) રાજા અને રાણી વચ્ચેનો એક પ્રકારનો વ્યવહાર

37. **વડોદરાના ગાયકવાડ વંશના સ્થાપક ગણાતા પિલાજીરાવ ગાયકવાડનું અનુગામી કોણ બન્યું?**
(૧) દામાજીરાવ દ્વિતીય (૨) ત્રિમ્બક રાવ દભાડે
(૩) દામાજી પ્રથમ (૪) ખાંડેરાવ

38. **મુઘલ બાદશાહ અકબરે ક્યા વર્ષમાં ગુજરાત જીતી લીધુ હતું?**
(૧) ૧૫૭૧ (૨) ૧૫૭૨ (૩) ૧૫૭૩ (૪) ૧૫૭૪

39. **જૈનધર્મના ૨૪મા તીર્થંકર મહાવીરસ્વામીને કઇ નદીના કિનારે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું હતું?**
(૧) ઋજુપાલિકા (૨) પ્રિયદર્શના (૩) ગંગા (૪) યમુના

40. **મહાવીરસ્વામી ક્યા સ્થળે નિર્વાણ પામ્યા?**
(૧) વૈશાલી (૨) પાવાપુરી (૩) રાજગૃહી (૪) પાલિતાણા

41. **મહાવીરસ્વામીએ પોતાનો ઉપદેશ કઇ લોકભાષામાં આપ્યો હતો?**
(૧) સંસ્કૃત (૨) બ્રાહ્મી (૩) અર્ધમાગધી (૪) પ્રાકૃત

42. **ગૌતમ બુદ્ધનો જન્મ ક્યારે થયો હતો?**
(૧) ઇ.સ. પૂર્વે ૫૬૦ (૨) ઇ.સ. પૂર્વે ૫૬૨
(૩) ઇ.સ. પૂર્વે ૫૬૪ (૪) ઇ.સ. પૂર્વે ૫૬૬

43. **માનવજાતિને બંધનોમાંથી મુક્તિ અપાવવા માટે ગૌતમ બુદ્ધનો સંસાર ત્યાગ ક્યા નામે જાણીતો છે?**
(૧) મહાભિનિષ્ક્રમણ (૨) મહાનિર્વાણ
(૩) મહાપરિત્યાગ (૪) મહાબહિર્ગમન

44. **ગૌતમ બુદ્ધ ક્યા સ્થળે નિર્વાણ પામ્યા હતાં?**
(૧) કુશિનગર (૨) લુમ્બિનીવન
(૩) બોધગયા (૪) ઉદયગિરિ

45. **"કોઇપણ દેશમાં પ્રાચીન પશુમૂર્તિનું આવું સ્વરૂપ મળવું કઠિન છે, જે કલાની સુંદર કૃતિ જેવું શ્રેષ્ઠ છે." - સારનાથના સ્તંભ માટે આવું કોણે કહ્યું હતું?**
(૧) જેમ્સ પ્રિન્સેપ (૨) વિન્સેન્ટ સ્મિથ
(૩) ડૉ. આર. જી. ભંડારકર (૪) સર જહૉન માર્શલ

46. **ગૌતમ બુદ્ધના જીવન વિષેનું મહાકાવ્ય 'બુદ્ધચરિત' કોણે રચ્યું હતું?**
(૧) વસુમિત્ર (૨) અશ્વઘોષ (૩) નાગાર્જુન (૪) નાગસેના

47. **તિબ્બત ભાષામાં બૌદ્ધગ્રંથની કઈ બે સંહિતા પ્રસિદ્ધ છે?**
(૧) કઝાર, તંઝર (૨) દીપવંશ, મહાવંશ
(૩) નિકાય, થેરીગાથા (૪) હીનયાન, મહાયાન

48. **બૌદ્ધ ધર્મનું પ્રાચીનતમ્ સાહિત્ય પ્રસિદ્ધ સંહિતા .......માં સંકલિત છે, જે પાલી ભાષામાં લખાયેલું છે.**
(૧) વિનયપિટક (૨) સુત્તપિટક
(૩) ત્રિપિટક (૪) અભિધમ્મપિટક

49. **ગૌતમ બુદ્ધના ગોત્રનું નામ શું હતું?**
(૧) સિદ્ધાર્થ (૨) ગૌતમ (૩) વર્ધમાન (૪) શુદ્ધોધન

50. **લિચ્છવીઓના પાટનગર વૈશાલીની કઈ નૃત્યાંગનાએ તેનું આમ્રવન બુદ્ધના ચરણે ધર્યું હતું?**
(૧) આમ્રપાલી (૨) શલાકા
(૩) પ્રિયતમ (૪) કોશલદેવી

**જવાબો -**

**(૧) ૨ (૨) ૧ (૩) ૧ (૪) ૨ (૫) ૩ (૬) ૨ (૭) ૪ (૮) ૧ (૯) ૧ (૧૦) ૩ (૧૧) ૩ (૧૨) ૧ (૧૩) ૨ (૧૪) ૩ (૧૫) ૧ (૧૬) ૩ (૧૭) ૧ (૧૮) ૩ (૧૯) ૧ (૨૦) ૩ (૨૧) ૨ (૨૨) ૨ (૨૩) ૪ (૨૪) ૩ (૨૫) ૨ (૨૬) ૩ (૨૭) ૪ (૨૮) ૧ (૨૯) ૧ (૩૦) ૨ (૩૧) ૧ (૩૨) ૨ (૩૩) ૨ (૩૪) ૧ (૩૫) ૪ (૩૬) ૩ (૩૭) ૧ (૩૮) ૩ (૩૯) ૧ (૪૦) ૨ (૪૧) ૩ (૪૨) ૪ (૪૩) ૧ (૪૪) ૧ (૪૫) ૨ (૪૬) ૨ (૪૭) ૧ (૪૮) ૩ (૪૯) ૨ (૫૦) ૧**

# એક હોર્સપાવર (HP) બરાબર કેટલા વૉટ્સ થાય?

**1. કટોકટીની ઉદ્ઘોષણા અમલમાં હોય તે દરમિયાન સંવિધાનના ક્યા અનુચ્છેદ હેઠળના મૂળભૂત હકની જોગવાઇ મોકૂફ રહે છે?**
(૧) અનુચ્છેદ ૧૯ (૨) અનુચ્છેદ ૨૦
(૩) અનુચ્છેદ ૨૨ (૪) અનુચ્છેદ ૨૫

**2. સંસદનું સત્ર ચાલુ ન હોય ત્યારે વટહુકમો પ્રસિદ્ધ કરવાની સત્તા ભારતના રાષ્ટ્રપતિને બંધારણનો ક્યો અનુચ્છેદ આપે છે?**
(૧) અનુચ્છેદ ૨૦૧ (૨) અનુચ્છેદ ૧૨૪
(૩) અનુચ્છેદ ૧૨૩ (૪) અનુચ્છેદ ૧૬૬

**3. બંધારણનો ક્યો અનુચ્છેદ સુપ્રીમ કોર્ટને ભારતની કોઇ પણ વડી અદાલતમાં નિકાલ થવાનો બાકી હોય તેવો કોઇ કેસ બીજી કોઇ વડી અદાલતને તબદીલ કરવાની સત્તા આપે છે?**
(૧) અનુચ્છેદ 138 (૨) અનુચ્છેદ 140
(૩) અનુચ્છેદ 141 (૪) અનુચ્છેદ 139A(2)

**4. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઇ ભારતના બંધારણના ક્યા અનુચ્છેદમાં કરવામાં આવેલી છે.**
(૧) અનુચ્છેદ ૩૬ થી ૫૧ (૨) અનુચ્છેદ ૩૬ થી ૫૫
(૩) અનુચ્છેદ ૩૫ થી ૪૦ (૪) અનુચ્છેદ ૩૫ થી ૪૯

**5. પંચાયતની ચૂંટણીમાં ભાગ લેવા માટે ઉમેદવારની ઉમર કેટલી હોવી જોઇએ?**
(૧) ૨૧ વર્ષ પૂરા થયેલા હોવા જોઇએ
(૨) ૨૫ વર્ષ પૂરા થયેલા હોવા જોઇએ
(૩) ૩૦ વર્ષ પૂરા થયેલા હોવા જોઇએ
(૪) ૧૮ વર્ષ પૂરા થયેલા હોવા જોઇએ

**6. બંધારણનો અનુચ્છેદ ૩૧૨ કોને સ્પર્શે છે?**
(૧) અખિલ ભારતીય સેવાઓની રચના
(૨) મુખ્ય ચૂંટણી કમિશનરની સત્તાઓ
(૩) સંસદીય વિશેષાધિકારોનો ભંગ
(૪) વડાપ્રધાનની સત્તાઓ

**7. અનુચ્છેદ ૩૧૧ હેઠળ નીચે પૈકીના કોને રક્ષણ મળે છે?**
(૧) તમામ ગવર્નમેન્ટ સર્વન્ટ્સ (૨) તમામ પબ્લિક સર્વન્ટ્સ
(૩) કેન્દ્ર સરકારના સિવિલ સર્વન્ટ્સ
(૪) કેન્દ્ર તથા રાજ્ય સરકારના સિવિલ સર્વન્ટ્સ

**8. ભારતીય બંધારણમાં આપાતકાળ દરમિયાન મૂળભૂત હકોની મોકૂફીની જોગવાઇની પ્રેરણા ક્યા દેશના બંધારણમાંથી લેવામાં આવી છે?**
(૧) યુનાઇટેડ સ્ટેટ્સ (૨) ફ્રાન્સ (૩) જર્મની (૪) જાપાન

**9. ભારતીય બંધારણ ઘડતી વખતે જાપાનના બંધારણમાંથી શેની પ્રેરણા લેવામાં આવી હતી?**
(૧) કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા (૨) ફેડરલ સ્કીમ
(૩) ગવર્નરનું પદ (૪) મૂળભૂત ફરજો

**10. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, રાષ્ટ્રપતિની ચૂંટણીની પદ્ધતિ અને રાજ્યસભાના સદસ્યોનું નોમિનેશનની જોગવાઇની પ્રેરણા ક્યા દેશના બંધારણમાંથી લેવાઈ છે?**
(૧) આયરલેન્ડ (૨) ફ્રાન્સ
(૩) ઓસ્ટ્રેલિયા (૪) યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા

**11. ભારતના બંધારણમાં "સુધારાની પ્રક્રિયા અને રાજ્ય સભાના સદસ્યોની ચૂંટણી" અંગેની પ્રેરણા ક્યા દેશના સંવિધાનમાંથી લેવાઈ છે?**
(૧) જર્મની (૨) રશિયા (૩) દક્ષિણ આફ્રિકા (૪) બ્રિટન

**12. રોમન પદ્ધતિ અનુસાર LXIX નીચે પૈકીની કઇ સંખ્યા દર્શાવે છે?**
(૧) ૧૧૬૯ (૨) ૯૬૯ (૩) ૬૯ (૪) ૨૧૦

**13. 9, 12, 16, 19, 23, 26, 30 પછી કઈ સંખ્યા આવે?**
(૧) ૩૨ (૨) ૩૩ (૩) ૩૪ (૪) ૩૫

**14. "બલસ્ય મૂલં વિજ્ઞાનમ્" આ સૂત્ર કઈ સંસ્થાના લોગોમાં છે?**
(૧) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી
(૨) ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઇઝેશન
(૩) ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન
(૪) ભારતીય નૌકાદળ

**15. સ્ટેનલેસ સ્ટીલના ઉત્પાદન માટે લોખંડની કાચી ધાતુ સાથે કઇ ધાતુનું મિશ્રણ કરવામાં આવે છે?**
(૧) તાંબુ (૨) ટંગસ્ટન
(૩) ક્રોમિયમ અને નિકલ (૪) પૉટેશિયમ

**16. નાગ, ત્રિશુલ, પિછોરા અને બરાક એ શું છે?**
(૧) લડાયક હેલિકોપ્ટર (૨) સબમરીન
(૩) લડાયક ડ્રોન (૪) મિસાઇલ

**17. કમ્પ્યૂટરના સંદર્ભમાં VIRUS એટલે?**
(૧) Vital Information Resources Under Seize
(૨) Vicious Information Resources Under Seize
(૩) Vital Information Reproduction Under Seize
(૪) Vital Information Resources Under Snatch

**18. પાણીની અંદરના અવાજનો પતો લગાવવા અને સમુદ્રનો ધ્વનિ રેકર્ડ કરવા માટે ...........નો ઉપયોગ થાય છે.**
(૧) હાયડ્રોમીટર (૨) હાયડ્રોફોન
(૩) વૉટરફોન (૪) ફેધોમીટર

**19. પાણીની ઉંડાઈ માપવા માટે ............નો ઉપયોગ થાય છે.**
(૧) થર્મોમીટર (૨) ફેધોમીટર
(૩) લૅક્ટોમીટર (૪) ગાલ્વાનૉમીટર

**20. એક હોર્સપાવર (HP) બરાબર કેટલા વૉટ્સ થાય?**
(૧) ૭૦૦ (૨) ૬૦૦ (૩) ૭૪૬ (૪) ૬૪૬

**21. કોઇ પણ ભાષાનો ઉપયોગ ક્યા હેતુ/હેતુઓ માટે થઈ શકે?**
(૧) અર્થગ્રહણ (૨) વિચારોની અભિવ્યક્તિ
(૩) સામાજિક વ્યવહાર (૪) ઉપરના તમામ માટે

## જનરલ નોલેજ ક્વીઝ કોર્નર

**22. "પ્રોષિત" શબ્દનો અર્થ જણાવો.**
(૧) પરદેશ/ વિદેશ ગયેલું કે વસેલું
(૨) જેનો પતિ મરણ પામેલો તેવી સ્ત્રી
(૩) જેની પત્ની મરણ પામી હોય તેવો પુરુષ
(૪) ખુબ પૈસા કમાવવાની ઇચ્છા ધરાવતો નાયક

**23. "પતિ સાથે કલહ કરી રૂસણું લઈ બેઠેલી સ્ત્રી" માટે એક શબ્દ આપો.**
(૧) અભિસારિકા (૨) કલહાંતરિતા
(૩) ખંડિતા (૪) વાસકસજ્જા

**24. "વિપ્રલબ્ધા" એટલે શું?**
(૧) વિપ્રને પરણેલી સ્ત્રી
(૨) પતિ સામે ઝઘડો કરનારી સ્ત્રી
(૩) પ્રિયતમે સંકેત ન સાચવ્યાથી નાસીપાસ થયેલી સ્ત્રી
(૪) વિપ્રની જેમ દરિદ્રભાવે જીવતી સ્ત્રી

**25. મહારાજા ભગવતસિંહજીની પ્રેરણાથી રચાયેલો "ભગવદ્ગોમંડલ" ગ્રંથ કેટલા ભાગમાં વહેંચાયેલો છે?**
(૧) પાંચ (૨) સાત (૩) નવ (૪) અગિયાર

**26. ગધેડાનું બચ્ચું : ખોલકું, બકરાનું બચ્ચું : લવારું, ઊંટનું બચ્ચું?**
(૧) ભૂડકું (૨) પીલું (૩) પાડરું (૪) બોતડું

**27. "કામિની કોકિલા કેલિ કૂંજન કરે" - આ પંક્તિનો અલંકાર ઓળખાવો.**
(૧) વર્ણાનુપ્રાસ/વર્ણસગાઈ (૨) શબ્દાનુપ્રાસ
(૩) આંતરપ્રાસ/પ્રાસ સાંકળી (૪) અંત્યાનુપ્રાસ/ પ્રાસાનુપ્રાસ

**28. "ગાયક ન લાયક તું ફોગટ ફુલાણો છે" અને "છે મતવાલી, નથી નમાલી, નવા લોહીની લાલી" - આ પંક્તિઓનો અલંકાર ઓળખાવો.**
(૧) શબ્દાનુપ્રાસ (૨) પ્રાસાનુપ્રાસ
(૩) અર્થાલંકાર (૪) ઉપમા

**29. "જેની જશોદા માવલડી, ચરાવે ગોકુળ ગાવલડી" - આ ક્યો અલંકાર છે?**
(૧) ઉપમા (૨) અંત્યાનુપ્રાસ/પ્રાસાનુપ્રાસ
(૩) અનન્વય (૪) રૂપક

**30. "સાવ બાળકના સમું છે આ નગર" અને "અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા" - આ ક્યો અલંકાર છે?**
(૧) અનન્વય (૨) વ્યતિરેક (૩) રૂપક (૪) ઉપમા

**31. ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ કરવામાં આવે ત્યારે .......... અલંકાર બને છે.**
(૧) રૂપક (૨) ઉપમા (૩) વ્યતિરેક (૪) અનન્વય

**32. ઉપમેય અને ઉપમાન એક જ હોય તેમ બતાવવામાં આવે ત્યારે ............ અલંકાર બને છે.**
(૧) ઉપમા (૨) વ્યાજસ્તુતિ (૩) રૂપક (૪) ઉત્પ્રેક્ષા

**33. "ગુણ" શબ્દનો સમાનાર્થી જણાવો.**
(૧) મૂળ લક્ષણ (૨) અસર (૩) ધનુષ (૪) પરહિત

**34. નીચે પૈકી સાચી જોડણી કઈ છે તે જણાવો.**
(૧) પરીમીતિ (૨) પરિમિતિ (૩) પરિમીતિ (૪) પરીમીતી

**35. નીચે પૈકી "પોપટ"નો સમાનાર્થી શબ્દ ક્યો છે?**
(૧) શુક (૨) શુકતુંડક (૩) શુકનાભ (૪) શુકચ્છદ

**36. નીચેના વિકલ્પો પૈકી "વલોણું" શબ્દ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**
(૧) રવઈથી દહીં ભાંગીને માખણ કાઢવું
(૨) ઢોરને ચાબુક વડે હાંકવા
(૩) ખેતરમાં પક્ષીઓને ભગાવવાનું સાધન
(૪) ગાડાના પૈડાની વચ્ચેનો ભાગ

**37. નીચેના વિકલ્પો પૈકી "પાણિ" શબ્દનો સમાનાર્થી જણાવો.**
(૧) વેપારી (૨) ભગવાન શિવ (૩) હાથ (૪) જળ

**38. નીચેના વિકલ્પો પૈકી "પ્રાસાદ" શબ્દનો સમાનાર્થી જણાવો.**
(૧) ભગવાનનો ભોગ (૨) મહેલ (૩) કૃપા (૪) લાભ

**39. નીચેના વિકલ્પો પૈકી સાચી જોડણી જણાવો.**
(૧) મુમુક્ષુ (૨) મૂમુક્ષુ (૩) મુમૂક્ષું (૪) મૂમૂક્ષૂ

**40. નીચેના વિકલ્પો પૈકી સાચી જોડણી જણાવો.**
(૧) ભૂલભૂલામણી (૨) ભુલભુલામણી
(૩) ભૂલભુલામણિ (૪) ભુલભૂલામણી

**41. નીચેના વિકલ્પો પૈકી સાચી જોડણી જણાવો.**
(૧) હુંડિયામણ (૨) હૂંડિયામણ
(૩) હૂંડીયામણ (૪) હુડીયામણ

**42. નીચે પૈકીના યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો - તમારી દલીલ ........... છે.**
(૧) વ્યાજબી (૨) વાજબી (૩) વુઆજબી (૪) વાજબિ

**43. નીચે પૈકીના યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો - તારી ........... સાચી હતી તો પાસ કેમ ન થયો?**
(૧) ગણત્રી (૨) ગણત્રિ (૩) ગણતરી (૪) ઘણતરી

**44. નીચે પૈકીના યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો - જેનું ભાવિ ........... હોય તેને શી ચિંતા હોય?**
(૧) ઉજ્વલ (૨) ઊજ્જવલ (૩) ઉજ્જવલ (૪) ઊજવલ

**45. નીચે પૈકીના યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો - તે નાપાસ થતા જ ......... થઈ ગયો છે.**
(૧) સુનમૂન (૨) સુનમુન (૩) સૂનમૂન (૪) શુનમૂન

**46. "મૃગાંક" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) તુરંગ (૨) અનસ (૩) આગાર (૪) ચંદ્ર

**47. "કામદેવ" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) અરવિંદ (૨) મધુકર (૩) અર્ણવ (૪) મન્મથ

**48. "અંગના" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) સાગર (૨) સ્ત્રી (૩) આકાશ (૪) અંગત

**49. "પુરંદર" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) ઇન્દ્ર (૨) વરૂણ (૩) કામદેવ (૪) યક્ષ

**50. "હુતાશન" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) પાવક (૨) પરોઢ (૩) પવિત્ર (૪) યાત્રી

**જવાબો :**

**(૧) ૧ (૨) ૩ (૩) ૪ (૪) ૧ (૫) ૧ (૬) ૧ (૭) ૪ (૮) ૩ (૯) ૧ (૧૦) ૧ (૧૧) ૩ (૧૨) ૩ (૧૩) ૨ (૧૪) ૨ (૧૫) ૩ (૧૬) ૪ (૧૭) ૧ (૧૮) ૨ (૧૯) ૨ (૨૦) ૩ (૨૧) ૪ (૨૨) ૧ (૨૩) ૨ (૨૪) ૩ (૨૫) ૩ (૨૬) ૪ (૨૭) ૧ (૨૮) ૧ (૨૯) ૨ (૩૦) ૪ (૩૧) ૪ (૩૨) ૩ (૩૩) ૧ (૩૪) ૨ (૩૫) ૧ (૩૬) ૧ (૩૭) ૩ (૩૮) ૨ (૩૯) ૧ (૪૦) ૨ (૪૧) ૨ (૪૨) ૨ (૪૩) ૩ (૪૪) ૩ (૪૫) ૩ (૪૬) ૪ (૪૭) ૪ (૪૮) ૨ (૪૯) ૧ (૫૦) ૧**

# Staff Selection Commission

## Combined Graduate Level Examination, 2020

**Dates for submission of online applications : 29-12-2020 to 31-01-2021**
**Last date and time for receipt of online applications : 31-01-2021 (23:30)**
**Last date and time for making online fee payment : 02-02-2021 (23:30)**
